# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ હેઠળની વિવિધ તાંત્રિક સંવર્ગોની તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ CBRT પરીક્ષાની Provisional Answer Key cum Response Sheet પ્રસિદ્ધ કરવા બાબતની અગત્યની સૂચના

મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે દર્શાવેલ તાંત્રિક સંવર્ગોની દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ હેઠળની ભરતીની યોજવામાં આવેલ CBRT પરીક્ષાની **Provisional Answer Key cum Response Sheet** નીચે દર્શાવેલ લીંક ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારો આ લીંક ઉપર ક્લીક કરીને પોતાનું પ્રશ્નપત્ર, ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જવાબ અને તે અંગેની પ્રોવિઝનલ આન્સર કી જોઈ શકશે.

https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html

| ક્રમ | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ/સમય | Provisional Answer Key cum Response Sheet જોવા તેમજ ઓનલાઇન વાંધા સૂચન રજૂ કરવા માટેની તારીખ-સમયની વિગતો |
|---|---|---|---|
| ૧ | ૩૮૬/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (મિકેનીકલ ગૃપ), વર્ગ-૩ | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૨ | ૩૮૭/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇલેક્ટ્રીકલ ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૩ | ૩૮૮/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઓટોમોબાઇલ ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૪ | ૩૮૯/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કોમ્પ્યુટર ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૫ | ૩૯૨/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કેમિકલ ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૩૯૩/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (સિવિલ કન્સ્ટ્રક્શન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૭ | ૩૯૪/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૮ | ૩૯૫/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્સ્ટ્રુમેન્ટેશન ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૯ | ૩૯૬/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (એપરલ એન્ડ ફેશન ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |
| ૧૦ | ૩૯૭/૨૦૨૫૨૬, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસિંગ ગૃપ) | તા.૨૦/૦૭/૨૦૨૬ | તા.૨૨/૦૭/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૨૮/૦૭/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |


ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધો/સૂચન હોય તો ઉમેદવારે તે અંગેના જરૂરી આધાર–પુરાવા સાથે **Online** રજુઆત કરવાની રહે છે. આ પરીક્ષામાં PART-A માં ૯૦ પ્રશ્નો અને PART-B માં ૧૨૦ પ્રશ્નો પૂછવામાં આવેલ છે. **પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન ઉક્ત જાહેરાતો સામે દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં કરી શકાશે.**

પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા/સૂચન કરવા અંગેની **Step-by-step** ગાઈડ અને સૂચનાઓ નીચે મુજબ છે.


1. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો વાંધા સુચન ઓનલાઇન કરવા ફરજિયાત છે. અન્ય કોઈ માધ્યમ દ્વારા રજૂ કરેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
2. **CBRT** માં હાજર રહેલ ઉમેદવાર જ ઓન લાઇન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
3. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા સૂચન રજૂ કરી શકશે.
4. ઉમેદવારે પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** પ્રમાણે વાંધા સૂચન ઓનલાઇન સબમિટ કરવાના રહેશે.

**Step 1 :** નીચેની લિન્ક પર ક્લિક કરો.


https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html





**Step 2 :** જાહેરાત ક્રમાંક, કન્ફરમેશન નંબર, જન્મ તારીખ અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી **Login** બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.



Step 3 : ઉમેદવાર દ્વારા Candidate Response પર ક્લીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે.





Step 4 : **Click** **here** **to generate it** પર ક્લીક કરતાં નીચે મુજબની સ્ક્રીન ખુલશે.





ત્યારબાદ, **Print** પર ક્લીક કર્યા બાદ **save as pdf** કરવાથી **Provisional Answer key cum Response Sheet** ઉમેદવારના ડિવાઈસમાં સેવ થશે અને તે ફાઈલની પ્રિન્ટ પણ મેળવી શકાશે.

**Step 5 :** વાંધા સૂચનો રજૂ કરવા માટે **Objection Form** પર ક્લીક કરવું.





**ત્યારબાદ +(સરવાળાના ચિહ્ન) પર ક્લિક કરતાં સૂચનાઓ દેખાશે. વાંધા સૂચનો રજૂ કરતાં પહેલાં સ્ક્રીન પર રજૂ થતી સૂચનાઓ વાંચી જવી.**




Note:

1. તમારા વાંધાસૂચનો રજુ કરતાં પહેલાં આપેલ સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો./Please read the instructions carefully before you start submitting your objections
2. તમારા પ્રશ્નપત્ર માટે "Question Paper" પર જાઓ./To view your question paper, go to tab "Question Paper"
3. વાંધાસૂચનો રજુ કરવા માટે "Objection" ટૅબ પરના + બટન પર ક્લીક કરો./Click on + button in the tab "Objections" to raise your objections.
4. વાંધાસૂચનો આપતાં પહેલાં પ્રશ્નો અને જવાબોને ધ્યાનપૂર્વક વાંચો. /Before stating your objection, go through the question and answers carefully.
5. વાંધાસૂચનો ફક્ત પ્રશ્નો અને તેના સંબંધિત વિકલ્પો સામે જ ઉઠાવી શકાય છે./Objections can be raised only against questions and their respective alternatives.
6. એકવાર સબમિટ કરવામાં આવેલ વાંધાસૂચનો પછીથી બદલી શકાશે નહીં./Objections once submitted cannot be edited later.
7. પ્રશ્ન ID, જેનો ઉપયોગ તમામ સંદર્ભો માટે થાય છે, તે પ્રશ્નની જમણી બાજુએ ઉલ્લેખિત છે./The Question ID, which is used for all references, is mentioned to the right of the question.
8. Remarks કોલમમાં, તમારા વાંધાસૂચન માટેનું કારણ સ્પષ્ટપણે દાખલ કરો. કોઈ માન્ય સમજૂતી અથવા સંદર્ભ/આધાર પુરાવા વગરના વાંધાસૂચનોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં./In the remarks column, enter your reason for objection clearly. Objections with no valid explanation or reference will not be taken into account and will be discarded.
9. વાંધાસૂચન સબમિટ કરતા પહેલા ઉમેદવારોએ આધાર-પુરાવા અપલોડ કરવા ફરજિયાત છે./Before submission of Objection it is mandatory for candidate to Upload supporting document.
10. સંદર્ભ/આધાર-પુરાવા PDF/JPG/JPEG ફોર્મેટમાં 400kb સાઇઝથી વધે નહીં તે રીતે અપલોડ કરેલા હોવા જોઈએ./Supporting Document/Reference of maximum size of 400kb should be in PDF/JPG/JPEG format

**Step 6** : **Form to Raise Objection** માં જરૂરી વિગતો ભરીને પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** અને તેને સંબંધિત **Answer ID** પ્રમાણે વાંધા સૂચનો રજૂ કરવા.


FORM TO RAISE OBJECTION

Objection Form

Confirmation Number:*

Roll Number:*

Applicant Name:*

Subject Name:*

Test Date:*

Shift:*

Question ID:* --Select--

Language in which Question was answered:* --Select--


Type of Objection:* --Select--

Do you want to add remarks?* Yes No

Upload Supporting documents* CLICK HERE TO UPLOAD

SUBMIT

ઉમેદવારે પોતાના મંતવ્ય અનુસારના જવાબ રજૂ કરવા **Form to Raise Objection** માં નીચે દર્શાવ્યા પ્રમાણે **Question ID** અને તેને સંબંધિત **Answer ID** અનુસારની વિગતો દર્શાવવાની રહેશે.


Section : Section A - Reasoning, Data Interpretation, Quantitative Aptitude

Q.1 નીચેના પ્રશ્નમાં એક પ્રશ્ન અને તેની નીચે આપેલા I અને II નંબરવાળા બે વિધાનોનો સમાવેશ થાય છે. તમારે નક્કી કરવું પડશે કે વિધાનોમાં આપવામાં આવેલ ડેટા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતો છે કે કેમ. બંને વિધાન વાંચો અને જવાબ આપો.

પ્રશ્ન: નવા માણસનું વજન કેટલું છે?

વિધાન I: 20 પુરુષોનું સરેરાશ વજન 30 કિલો છે.

વિધાન II: એક નવો માણસ જૂથમાં જોડાય છે અને સરેરાશ વજન 32 થાય છે.

Ans
1. વિધાન II એકલું પૂરતું છે જ્યારે કે વિધાન I એકલું પૂરતું નથી
2. ન તો વિધાન I ન II પૂરતા છે
3. કાં તો વિધાન I અથવા II પૂરતા છે
4. વિધાન I એકલું પૂરતું છે જ્યારે કે વિધાન II એકલું પૂરતું નથી

Question ID : 630680509155
Option 1 ID : 6306801989916
Option 2 ID : 6306801989918
Option 3 ID : 6306801989917
Option 4 ID : 6306801989915
Status : Answered
Chosen Option : 4


Q.2 જો દરેક સંખ્યાની અંદર જ શતક અને દસકના અંકોની સ્થિતિને એકબીજા સાથે બદલવામાં આવે, તો નીચેનામાંથી કયો બીજી સૌથી મોટી સંખ્યાનો શતક અંક હશે?

732 549 618 427 935


Ans
1. 6
2. 3
3. 8
4. 5

Question ID : 630680509164
Option 1 ID : 6306801989953
Option 2 ID : 6306801989951
Option 3 ID : 6306801989952
Option 4 ID : 6306801989954
Status : Answered
Chosen Option : 3

Step 7 : જો કોઈ ઉમેદવારને કોઈ **Question ID** માં એક કરતાં વધુ જવાબ સાચા છે, તેવી રજૂઆત કરવી હોય તો તે Type of Objection માં જઈને તે વિકલ્પ પસંદ કરીને રજૂઆત કરી શકશે.




તમારી રજૂઆત ના સંદર્ભ માં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ/સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો. ત્યાર બાદ **400 kb** ની મર્યાદામાં વંચાય તેવી સ્પષ્ટ **PDF/JPG/JPEG** ફાઈલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને છેલ્લે સબમીટ કરવું. ઉમેદવાર વધુમાં વધુ ત્રણ ડોક્યુમેન્ટ આધાર પુરાવા તરીકે અપલોડ કરી શકશે.




**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૨૨/૦૭/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**